કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (ખુદ) તથા નિયંત્રણ હેઠળના ખાતાનાં વડાઓની કચેરીઓમાં અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ અંગેના ખર્ચ માટેની યોજનાને સને ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક : સીઆઈઓ-૧૦-૨૦૧૮-૬૧-આઈટી

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૦૮-૦૪-૨૦૧૯

વંચાણે લીધા :

(૧) સામાન્ય વહીવટ વિભાગનાં તા:૧૪/૦૬/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: તલમ / ૧૦૦૭ / જીઓઆઇ-૨૬૫ /વસુતાપ્ર

(૨) કૃષિ અને સહકાર વિભાગનાં તા:૨૯-૦૫-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: સીઆઈઓ /૨૦૦૮/ ૧૭૧ / આઈટી

(૩) કૃષિ અને સહકાર વિભાગનાં તા:૦૭/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સીઆઈઓ /૧૦/૨૦૧૫ /૩૨૮/આઈટી

(૪) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનાં તા:૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સીઆઈઓ / ૧૦/૨૦૧૬/૨૧૧/આઈટી

(૫) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનાં તા:૦૩/૦૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: સીઆઈઓ /૧૦/૨૦૧૬/ ૨૮૦/આઈટી

આમુખ:

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૧)માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગનાં તા:૧૪/૬/૨૦૦૭નાં ઠરાવથી માનવીય સંસાધનબળનો વિકાસ થાય તથા બદલાતાં જતા સંજોગોમાં ઊભા થતાં સામાજિક, આર્થિક અને રાજકીય પડકારોને પહોંચી વળવાનાં આશય સાથે રાજ્ય સરકારનાં અધિકારીઓ/ કર્મચારીઓ પ્રવર્તમાન પ્રવાહથી વાકેફ રહે, તે માટે તેઓને ફરજીયાતપણે સમયાંતરે સરકારી કે અન્ય તાલીમ સંસ્થાઓમાં યોગ્ય તાલીમ (કોમ્પ્યુટર કૌશલ્યની CCC તથા CCC+ ની તાલીમ સહિત) મળી રહે તે બાબતને ધ્યાને રાખીને સને ૨૦૦૮-૦૯ ના વર્ષના આ વિભાગના તા.૨૯-૦૫-૨૦૦૮ ના ઠરાવથી આ યોજનાને મંજૂરી આપવામાં આવેલ હતી. સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં "તાલીમ અંગેનું ખર્ચ"ની ચાલુ યોજના હેઠળ રૂ.૧૧.૦૦ લાખ (અંકે રૂપિયા અગિયાર લાખ પૂરા)ની બજેટ જોગવાઇ મંજૂર કરવામાં આવેલ છે. તેને વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રાખવા અંગેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

: ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (ખુદ) તથા વિભાગ હેઠળનાં ખાતાનાં વડાઓની કચેરીઓના અધિકારીઓ /કર્મચારીઓને ઉપર આમુખમાં દર્શાવેલ વિગતે સમયાંતરે સરકારી કે અન્ય તાલીમ સંસ્થાઓમાં કોઈપણ પ્રકારની તાલીમ કે જેમાં કોમ્પ્યુટર કૌશલ્યની CCC અને CCC+ નો પણ સમાવેશ થાય છે તેવી યોગ્ય તાલીમ આપવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ નાં અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે "તાલીમ અંગેનું ખર્ચ" હેઠળ રૂ. ૧૧.૦૦ લાખ (અંકે રૂપિયા અગિયાર લાખ પુરા ) ના ખર્ચને સને ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષ માટે ચાલુ રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે. વિભાગની આ યોજના હેઠળ થયેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા અંગે ખાતાના વડાઓએ વિભાગની પૂર્વસંમતિ લેવાની રહેશે.

શરતો:

(૧) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે

(૭) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

(૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે અને તે હેઠળ સને ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષનાં અંદાજ પત્રમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૦૧ |
| મુખ્ય સદર | : | ૩૪૫૧ – સચિવાલય આર્થિક સેવાઓ |
| ગૌણ સદર | : | ૦૯૦ – સચિવાલય |
| પેટા સદર | : | ૦૧ - કૃષિ અને સહકાર વિભાગ |
| વિગતવાર સદર | : | ૦૦ |
| હેતુ સદર | : | ૨૦૦૦ - બીજું વહીવટી ખર્ચ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી (કૃષિ)ની તા.૦૪-૦૪-૨૦૧૯ ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ની તા:૦૪-૦૪-૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હર્ષદ એમ.પરમાર)
સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)નાં અગ્ર રહસ્યસચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ખર્ચ)નાં અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીનાં અગ્ર રહસ્યસચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ.પા.મત્સ્યો.અને સહકાર)નાં રહસ્ય સચિવશ્રી,કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(કૃષિ), કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- CIO અને ઉપસચિવશ્રી(સંકલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- CIO અને ઉપસચિવશ્રી(સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી(મહેકમ), કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,મ શાખા, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકની કચેરી,કૃષિ ભવન ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, બાગાયત નિયામકની કચેરી, કૃષિ ભવન ગાંધીનગર.

- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોમેર્ટિકસ લિ.,બ્લોક નં ૨,બીજો માળ,C & D વીંગ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- સિલેક્ટ ફાઇલ.